# મોદીએ સરદારધામ ભવનનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું

## ૨૧મી સદીમાં ભારત પાસે અનેક અવસરો : મોદી : બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સુબ્રમણ્ય ભારતીજીના નામે ચેર સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે : પ્રધાનમંત્રી

અમદાવાદમાં વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલા સરદારધામનું નરેન્દ્ર મોદીના હસ્તે આજે ઈ-લોકાર્પણ થયુ છે. મોદીએ વીડિયો કોન્ફરન્સથી સરદારધામ ફેઝ-૨નું પણ લોકાર્પણ કર્યુ. અહીં પાટીદાર સમાજ દ્વારા સરદારધામ ભવન, કન્યા છાત્રાલય બનાવવામાં આવી રહ્યું છે, જેનું પીએમ મોદીએ આજે ભૂમિપૂજન કર્યું છે. આ કાર્યક્રમમાં જોડાવવા માટે રાજ્યનાં સીએમ વિજય રૂપાણી ત્યાં આવી પોંચ્યા છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કેન્દ્રીય કેબિનેટ મંત્રી મનસુખ માંડવિયા, મંત્રીમંડળના સભ્યો તેમજ સરદારધામના ભવનદાતાઓ, ભુમિદાતાઓ અને ટ્રસ્ટીઓની સરદારધામ ખાતે ઉપસ્થિતિ રહ્યા છે. નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે સંબોધન કરતા જણાવ્યું કે, ગણેશ ચતુર્થીની હાર્દિક શુભેચ્છાઓ આપું છું. આજે ઋષિ પંચમી પણ છે, આપને શુભેચ્છાઓ. પર્યુષણ પર્વ બાદ જૈન પરિવાર એકબીજાને ક્ષમા યાચના માંગતા મિચ્છામી દુકડમ કહે છે. હું પણ આપ સૌને દેશના તમામ નાગરિકોને મિચ્છામી દુકડમ કહું છું. પીએમ મોદીએ એક જાહેરાત કરતા જણાવ્યું કે, આજે હું આ પ્રસંગે એક મહત્વની જાહેરાત પણ કરી રહ્યો છું. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સુબ્રમણ્ય ભારતી જીના નામે ચેર સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બીએચયુની ફેકલ્ટી ઓફ




આર્ટ્સમાં તમિલ સ્ટડીઝ પર સુબ્રમણ્ય ભારતી ચેર સ્થાપવામાં આવશે. ગુજરાત ભૂતકાળથી આજ સુધી સહિયારા પ્રયાસોની ભૂમિ રહ્યું છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીએ અહીંથી જ દાંડી યાત્રા શરૂ કરી હતી, જે આજે પણ આઝાદી માટે દેશનાં સંયુક્ત પ્રયાસોનું પ્રતીક છે. એ જ રીતે, સરદાર પટેલના નેતૃત્વમાં ખેડા આંદોલનમાં ખેડૂતો, યુવાનો અને ગરીબોની એકતાએ બ્રિટિશ સરકારને નમવા મજબૂર કર્યા. તે પ્રેરણા, તે એનર્જી આજે પણ ગુજરાતની ધરતી પર સરદાર સાહેબની ગગનચુંબી ઈમારત 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' સ્વરૂપે આપણી સામે છે. વૈષ્ણોદેવી સર્કલ પાસેના એસપી રીંગ રોડ પર પાટીદાર સમાજ દ્વારા અંદાજીત ૨૦૦ કરોડના ખર્ચે ૧૧,૬૭૦ સ્ક્વેર મીટરના પ્લોટમાં આશરે ૭ લાખ સ્ક્વેર ફૂટના બાંધકામ સાથે સરદારધામનું નિર્માણ કરવામાં આવ્યું છે. હવે સરદારધામ ફેઝ-૨ અંતર્ગત ૨૦૦ કરોડના ખર્ચે ૨૫૦૦ દીકરીઓ માટે કન્યા છાત્રાલય અને સરદાર ભવન બનાવવામાં આવશે. સરદારધામ ભવન શૈક્ષણિક અને સામાજિક પરિવર્તન, સમાજના નબળા વર્ગના ઉત્થાન અને યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવા તરફ કામ કરી રહ્યું છે. વૈષ્ણોદેવી સર્કલ નજીક અમદાવાદ-ગાંધીનગર સરહદી વિસ્તારમાં સ્થિત ૧૧,૬૭૨ ચોરસ ફૂટના વિસ્તારમાં બનેલા સરદારધામ ભવનનો પ્રથમ તબક્કો ૨૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. આ મકાન વિશ્વ પાટીદાર સમાજ દ્વારા દેશના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને બનાવવામાં આવ્યું હતું. તેમાં ૧૬૦૦ વિદ્યાર્થીઓ અને ઉમેદવારો માટે રહેણાંક સુવિધાઓ, ૧૦૦૦ કૉમ્પ્યુટર સિસ્ટમ સાથેની ઈ-લાઈબ્રેરી, વ્યાયામશાળા અને આરોગ્ય સંભાળ યુનિટ, ૪૫૦ વ્યક્તિઓની ક્ષમતાવાળું ઓડિટોરિયમ, ૧૦૦૦ વ્યક્તિની ક્ષમતા વાળા બે હોલ, પુસ્તકાલય, હાઈટેક સુવિધાઓ સાથે વર્ગખંડો, ઈન્ડોર ગેમ્સ અને અન્ય સુવિધાઓ છે. ઁજીઝ-ઁજીઝ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ અને ખાસ કરીને તેમના વાલીઓ માટે, રૂપિયા ૨ લાખની આવક ધરાવતા વિદ્યાર્થી માટે ફીનું ધોરણ ૨૦ હજાર,અને ૨ લાખથી ઓછી આવક ધરાવતા વિદ્યાર્થીની ફી રૂપિયા ૧૦ હજાર રહેશે.ગરીબ વિદ્યાર્થીઓ માટે માત્રા ૧ રૂપિયો ટોકન ફી તો વિદ્યાર્થીનીઓ માટે પણ આ જ પદ્ધતિથી ફીનું ધોરણ નક્કી કરાયું છે. સંકુલના પ્રવેશ દ્વારમાં સરદાર વલ્લભભાઈની ૫૦ ફૂટ ઊંચી કાંસ્યની વિશાળ પ્રતિમા ૩.૫૦ કરોડ રુપિયાના ખર્ચે સ્થાપિત કરવામાં આવી છે.



ગાંધીનગરમાં પાછોતરો વરસાદ જામ્યો છે. ચોમાસાના બે મહિના કોરા રહ્યા બાદ ભાદરવો ભરપૂર રહ્યો છે. શહેરની નજીક આવેલા શાહપુર ગામનું તળાવ અત્યાર સુધી કોરું રહ્યું હતું. છેલ્લા ત્રણ દિવસથી સારો એવો વરસાદ વરસતા શાહપુર ગામનું તળાવ ભરાયું છે. તળાવ ભરાતા ગામનું સૌંદર્ય વધ્યું છે.

# નિષ્ફળતા છૂપાવવા રાજીનામું લેવાયાનો ચાવડાનો આક્ષેપ

## રૂપાણીના રાજીનામા પર કોંગ્રેસના ભાજપ પર પ્રહાર : મોંઘવારી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ જવાબદાર હોવાનો કોંગ્રેસી નેતા પરેશ ધાનાણીનો આક્ષેપ

ગાંધીનગર , તા.૧૧

વિજય રૂપાણીના રાજીનામાથી સમગ્ર દેશની રાજનીતિમાં મોટી ઉથલપાથલ સર્જાઈ છે. ગુજરાત હંમેશા દેશની રાજનીતિના કેન્દ્રમાં રહ્યુ છે. જ્યારે જ્યારે ગુજરાતમાં કોઈ મોટી રાજકીય ઉથલપાથલ થાય છે, તેની અસર કેન્દ્રીય રાજનીતિ પર પણ જોવા મળતી હોય છે. ત્યારે ગુજરાત કોંગ્રેસે વિજય રૂપાણીના રાજીનામા અંગે ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજીનામા પર કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ સરકાર પર સીધો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યુ કે, ગુજરાતના તમામ વર્ગના લોકો આર્થિક રીતે પાયમાલ થયા છે. ભાજપ સરકારમાં ગુજરાતીઓ હાડમારીનો સામનો કરી રહ્યા છે. નિષ્ફળતા છુપાવવા રિમોટ કંટ્રોલથી ચાલતા રૂપાણીનું રાજીનામું લેવાયું છે.

આનંદીબેન બાદ રૂપાણીને પણ તેમનો કાર્યકાળ પૂર્ણ કરવા ના દેવાયો. આંતરિક વિખવાદનો ભોગ વિજયભાઈના રાજીનામાંથી લેવાયો છે. ફોટો સરકારની તમામ નિષ્ફળતા છુપાવવા વિજયભાઈનું રાજીનામું લેવાયુ છે. પાંચ વર્ષની ઉજવણી સમયે જ નક્કી હતું કે વાજતે ગાજતે વિદાય થઈ રહી છે. તો વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ આ સંદર્ભે કહ્યું કે, વિજયભાઈ જેવા સરળ માણસને અધવચ્ચે રાજીનામુ અપાવ્યું એનું દુઃખ છે. મોંઘવારી માટે નરેન્દ્ર મોદી અને અમિત શાહ જવાબદાર છે. ભાજપની નિષ્ફળતાનો એકરાર આંતરિક તકરારથી છતો થાય છે. નિષ્ફળતા છુપાવવા રાજીનામુ અપાયું છે. છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતમાં ભયથી સત્તા ટકાવી છે. ભવિષ્યમાં જાતિવાદ અને કોમવાદ પર સત્તા આવશે તેનો ભય છે. ભાજપ શાસકો સંવેદનહીન બન્યા હતા. કોરોનામાં લોકો મોતના મોમાં ધકેલાયા છે. ભાજપ હવે પોતાની નિષ્ફળતાઓ ઢાંકવા ચહેરો બદલશે.

# ગાંધીનગર મનપાના પૂર્વ ચેરમેનના આગોતરા જામીન ફગાવ્યા

ગાંધીનગર મનપાના પૂર્વ ચેરમેન રાકેશ પટેલ, કોલવડાના કરણસિંહ ભવાનીસિંહ વાઘેલા, કુડાસણ વૃંદાવન સોસાયટીમાં રહેતા રજનીભાઈ અંબાલાલ પટેલ, સે-૨૬ કિસાનનગરમાં રહેતા ભરતભાઈ નારણભાઈ પટેલ (મૂળ રહે. રાંધેજા), કિસાનનગરમાં રહેતા દિનેશ મંગળદાસ પટેલ, સે-૩ના પાર્થ ચુડાસમાના ત્રાસથી કોલવડામા રહેતા સુરેશ શકરાભાઈ દરજીને ઝેરી દવા પી લીધી હતી, જેમા તેમનુ મોત થયુ હતુ. સુરેશભાઈ જમીન દલાલીનો વ્યવસાય કરતા હતા. જેમા ૬ આરોપીઓ પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. નાણાં લીધા બાદ આરોપીઓ દ્વારા પઠાણી ઉઘરાણી કરાતા ગત ૫ ઓગસ્ટો મોતને વ્હાલું કરી લીધુ હતુ. સ્યુસાઈડ નોટમાં આરોપીઓના નામનો ઉલ્લેખ હોવાથી પેથાપુર પોલીસમા ફરિયાદ દાખલ કરાઈ હતી. ત્યારબાદ તમામ આરોપીઓ પોલીસના ડરથી ભૂગર્ભમા ઉતરી ગયા છે. આ કેસને પેથાપુર પોલીસના પીએસઆઈ પાસેથી એલસીબીને સોપાયો છે. પૂર્વ ચેરમેન દ્વારા એક સપ્તાહ પહેલા ગાંધીનગર કોર્ટમાં ધરપકડથી બચવા વકીલ દ્વારા જામીન અરજી કરી હતી.




રોટરી ઈન્ટરનેશનલ દ્વારા સપ્ટેમ્બરની ગેસ્ટ મીટીંગનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. રોટરી ઈન્ટરનેશનલના સભ્યો આ બેઠકમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં એક સર્વેએ વિજય રૂપાણીની ગાદી છીનવી લીધી

## લાંબા સમયથી રૂપાણીના રાજીનામાની વાતો સાચી પડી : ૨૦૨૨ની ચૂંટણીમાં રૂપાણીના નેતૃત્વમાં ૮૨ બેઠક પણ ન મળે એમ લાગતાં રાજીનામું લેવાયાની ચર્ચા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અચાનક રાજીનામું આપી દેતા ગુજરાતના રાજકારણમાં અચાનક ગરમાવો આવી ગયો હતો. ઘણા લાંબા સમયથી ગુજરાતના રાજકારણમાં રૂપાણી જાય છે તેવી અફવાઓ લાંબા સમયથી ચાલી રહી હતી. જે આજે સાચી પડી હતી. રૂપાણીના રાજીનામા પાછળ મુખ્ય ૫ મુદ્દાઓ કારણભુત રહ્યા. જેમાં ખાસ કરીને સરકારની કામગીરીને લઈને સંગઠન સાથેના મતભેદો હોવાનું બહાર આવ્યું છે. ગુજરાતમાં સત્તા વિરોધીના કારણે જુવાળ ભાજપ વિરુદ્ધ જાય તેવી શક્યતા છે. ભાજપ દ્વારા આંતરિક સર્વેમાં ૨૦૨૨ ની ચૂંટણીમાં રૂપાણીના નેતૃત્વમાં સરકારનો રકાસ થાય તેવું બહાર આવતા રાજીનામું લઈ લેવાયું હતું.

પીએમ મોદી દ્વારા હાલમાં જ કેન્દ્રીય મંત્રીઓને ગુજરાતના પ્રવાસે મોકલ્યા હતા. જેમાં જનતાનો કેન્દ્રીય મંત્રીઓ જનસંવેદના યાત્રા નામે સમગ્ર ગુજરાતમાં ફરીને જનતાનો મુડ જાણવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ગુજરાત સરકારની કામગીરીના સર્વેમાં ગુજરાતની જનતામાં રૂપાણી પ્રત્યે ભારોભાર અસંતોષ હોવાનું સામે આવ્યું હતું. જેના કારણે ભાજપને એન્ટી ઈનકમબન્સી નડે તેવી શક્યતાઓને જોતા સીએમ રૂપાણીનું રાજીનામું લઈ લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી વિજય રૂપાણીના નેતૃત્વમાં લડાઈ હતી. જેમાં માત્ર ૯૭ સીટો જ આવી હતી. તે સમય દરમિયાન ન તો કોરોના આવ્યો હતો કે ન તો અન્ય અનેક મોરચાઓ પર કોઈ પણ પ્રકારનું મોટું ફેલ્યોર સામે આવ્યું હતું. તેમ છતા પણ આટલી ઓછી સીટો આવી હતી. તેવામાં જો હવે કોરોના કાળ બાદ પેદા થયેલી સ્થિતિમાં પણ વિજય રૂપાણીના નેતૃત્વમાં ચૂંટણી યોજાય તો ભાજપને મોટુ નુકસાન થાય તેવું લાગતા આખરે તેમનું રાજીનામું લઈ લેવાયું હતું.

કોરોનાની બીજી લહેર દરમિયાન સરકારની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા હતા. કોરોનાની દવાઓ, ઈન્જેક્શન અને ઓક્સિજનની કટોકટી જેવી સ્થિતી પેદા થઈ હતી. પ્રજાને ખુબ જ ભટકવું પડ્યું હતું. લોકો ઓક્સિજનના અભાવે તડપી તડપીને બહાર જ અંતિમ શ્વાસો લીધા હતા. જેના કારણે લોકોમાં આ મુદ્દે ભારે રોષ જોવા મળી રહ્યો હતો. તેવામાં આપ આવતા ભાજપ માટે પડકાર મોટો થયો હતો. જેના કારણે આખરે સીએમ વિજય રૂપાણીનું રાજીનામું લઈ લેવાયું હતું. આ ઉપરાંત જયારથી સી.આર પાટીલે સંગઠનની જવાબદારી સંભાળી ત્યારથી જ સીએમ અને પાટીલ વચ્ચે ભારે રસાકસી જોવા મળી હતી.

કોરોના કાળ દરમિયાન સરકારની નિષ્ફળતાને પગલે સી.આર પાટીલે પોતે અલગથી ઈન્જેક્શનની વ્યવસ્થા કરી અલગ રીતે વહેંચ્યા હતા. જેના કારણે કેસ પણ દાખલ થયા હતા. મીડિયા દ્વારા ઈન્જેક્શન અંગે પુછવામાં આવતા સીએમ એ જણાવ્યું કે, ઈન્જેક્શન પાટીલે વહેંચ્યા તો સવાલ મને કેમ પુછો છો. પાટીલને જ પુછો. જેથી પાટીલ અને રૂપાણી વચ્ચે તણખા સ્પષ્ટ રીતે બહાર આવ્યા હતા.

# રૂપાણીના રાજીનામા પાછળ પાટીદાર ફેક્ટર જવાબદાર

## રૂપાણીના રાજીનામાથી ભૂતકાળ જીવંત થયો : પાટીદારોના શૈક્ષણિક સંકુલના ઉદઘાટનની મિનિટો બાદ રૂપાણીએ રાજીનામું આપ્યું એ બાબત સવાલો ઊભા કરે છે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં વિજય રૂપાણીના રાજીનામા બાદ પાંચ વર્ષ પહેલાનો ભૂતકાળ જીવંત થયો છે. વિજય રૂપાણીના અચાનક રાજીનામાથી લોકોએ આનંદીબેન પટેલને યાદ કર્યા છે. વિજય રૂપાણીએ એકાએક જાહેરાત કરીને રાજ્યપાલને જે રીતે રાજીનામુ સોંપ્યુ તેના પાછળ પાટીદાર ફેક્ટર કારણભૂત હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. પાટીદારોએ બનાવેલ શૈક્ષણિક સંકુલના ઉદઘાટનની થોડી મિનિટો બાદ જ વિજય રૂપાણીનું રાજીનામુ આપવુ અનેક સવાલો ઉભા કરે છે.

વિજય રૂપાણીના અચાનક પડેલા રાજીનામા પાછળ પાટીદાર ફેક્ટર કારણભૂત હોવાની ચર્ચાએ વેગ પકડ્યુ છે. આ સાથે જ એકવાર ફરીથી રાજીનામુ આપ્યુ કે અપાવડાવ્યુ તે પણ કાનાફૂસી થઈ છે. જે રીતે પાટીદાર આંદોલન બાદ આનંદીબેનને પણ અચાનક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રાજીનામુ આપ્યુ હતું, તે જ સ્ટાઈલમાં વિજય રૂપાણીનું પણ આકસ્મિક રાજીનામુ પડ્યુ છે. પાટીદારોએ બંધાવેલા ૨૦૦ કરોડના સરદાર ધામના લોકાર્પણ બાદ અચાનક રાજીનામાની જાહેરાત પાછળ મોટા સંકેત હોવાનું રાજકીય વિશ્લેષકોનુ કહેવુ છે. પાંચ વર્ષ બાદ પાટીદારોને કારણે ગુજરાતના બીજા મુખ્યમંત્રીએ રાજીનામુ આપ્યુ હોવાની ચર્ચાયો શરૂ થઈ છે.

આ સાથે જ જે રીતે છેલ્લા કેટલાક સમયથી પાટીદાર સીએમની માંગણી ઉઠી છે, અને પાટીદાર દિગ્ગજોએ બેઠક કરી હતી, તે જોતા આ રાજીનામા પાછળ પાટીદાર ફેક્ટર હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

તો બીજી તરફ, વિજય રૂપાણીના રાજીનામાથી સૌથી વધુ ચર્ચામાં નીતિન પટેલ આવ્યા છે. ફરી એકવાર નીતિન પટેલને મુખ્યમંત્રી પદ સોંપાય તેવી અટકળો વહેતી થઈ છે. જ્યારે જ્યારે ગુજરાતમાં નવા મુખ્યમંત્રી નિમવાની વાત આવે છે ત્યારે ત્યારે નીતિન પટેલ ચર્ચામા આવે છે. પરંતુ હંમેશા તેમનુ નસીબ એક ડગલુ પાછળ ચાલે છે. ત્યારે આ વખતે શુ પાટીદાર સીએમની માંગણી વચ્ચે નીતિન પટેલને પદ મળશે કે પછી કોઈ નવો ચહેરો સ્થાન પામશે.

આ વચ્ચે ભાજપ કાર્યાલય કમલમ પર મહત્વની બેઠક યોજાનાર છે. ભાજપ અધ્યક્ષ સી આર પાટીલની હાજરીમાં આ બેઠક યોજાશે. જેમાં પ્રભારી ભુપેન્દ્ર યાદવ, સહપ્રભારી સુધીર ગુપ્તા, ભાજપના મુખ્ય દંડક કમલમ પહોંચ્યા હતા. નવા મુખ્યમંત્રીના નામ માટે ધારાસભ્ય દળની બેઠક અંગે નિર્ણય લેવાશે. ભાજપે તમામ ધારાસભ્યોને આજ સાંજ સુધીમાં ગાંધીનગર પહોંચવા સૂચના અપાઈ હતી.

# ગુજરાતમાં સ્વમૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓએ દ્વારા નહિંવત ભાગ

ગાંધીનગર, તા.૧૧

શિક્ષણ વિભાગના ટાર્ગેટ પ્રમાણે ૩૭ લાખમાંથી ૧૫ લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકનમાં ભાગ લેવાનો હતો. પરંતુ આ ટાર્ગેટ કોઈપણ પ્રકારે પુરો થાય તેવું હાલના સંજોગોને આધારે જોતાં લાગતું નથી. હાલમાં રાજ્યના જૂનાગઢ અને નવસારી જિલ્લામાંથી સૌથી વધુ વિદ્યાર્થીઓ સ્વમૂલ્યાંકનમાં ભાગ લઈ રહ્યાં છે. જૂનાગઢ જિલ્લામાંથી ૫૮૫૫ અને નવસારી જિલ્લામાંથી ૫૦૦૧ વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકનમાં ભાગ લીધો છે. આમ બંને જિલ્લામાં અનુક્રમે ૮.૯૧ ટકા અને ૮.૧૯ ટકા વિદ્યાર્થીઓ જોડાયા હતાં. આ ઉપરાંત અમદાવાદમાંથી ૨.૯૭ ટકા વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકનમાં ભાગ લીધો હતો. રાજ્યના ૧૦ જિલ્લામાં તો ૧ ટકા વિદ્યાર્થીઓએ પણ આ મૂલ્યાંકનમાં ભાગ લીધો ન હોવાનું સામે આવ્યું છે.

### રાજકીય નવાજૂની... ● પાંચમા પાનાનું ચાલુ

તાજેતરમાં સામાન્ય ચૂંટણી યોજાઈ ગઈ. સાબરકાંઠા, અરવલ્લી ખેતી બેન્કના ચેરમેન તરીકે ફલજીભાઈ જી. પટેલ(ઈડર) બિનહરીફ ચૂંટાઈ આવ્યા તેમની સામે ઉમેદવારી કરનાર ખેતી બેન્કના પૂર્વ ચેરમેન કનુભાઈ એમ. પટેલે ઉમેદવારીપત્ર પરત ખેંચ્યું ત્યારથી જ ગમે તે ઘડીએ કંઈક રાજકીય નવાજૂની થશે તેની ડમરીયો ઉડવા લાગી હતી. પરંતુ છેલ્લા ૪ દિવસથી ગાંધીનગર અને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સહકારી વર્તુળોમાં કોંગ્રેસના કયા સહકારી આગેવાન ભાજપમાં જોડાઈ રહ્યા છે તેની ગરમા ગરમ લોકચર્ચાએ અનેકને ઉંચા નીચા કરી દીધા છે. દાયકાઓથી બાયડ રાજકીય પ્રયોગશાળા તરીકે પંકાયેલું છે. તે જોતાં ફરી એકવાર રાજકીય પ્રયોગ શાળામાં કંઈક નવાજૂનીના તરંગો ઉભા થવાની શરૂઆત થઈ છે. કેન્દ્ર અને રાજ્યમાં સત્તા સ્થાને રહેલ ભાજપ કોઈપણ ભોગે સહકાર વિભાગમાં ભાજપનો દબદબો કાયમી રાખવા પ્રયત્નશીલ બન્યું છે અને તે જોતાં કોંગ્રેસના સહકારી આગેવાનો મોટાપાયે ભાજપનો ખેસ ધારણ કરી શકે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રાજકીય નવાજૂનીની અટકળો વચ્ચે વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી સાથે પણ કેટલાક લોકો તેનો તાગ મેળવી રહ્યા છે.

### સામાન્ય સભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ કામને હજુ સુધી વહીવટીય મંજૂરી આપવામાં આવી નથી તેથી આ મુદ્દે રાજકીય ગરમાવો સામાન્ય સભામાં જોવા મળશે તેવુ અનુમાન રાજકીય વર્તુળોમાં ચર્ચા દરમ્યાન વ્યક્ત થતુ જોવા મળ્યુ છે.

આ બેઠકમાં અદ્યતન સભાખંડ બનાવવા માટે રૂ. ૨.૫૦ લાખના ખર્ચે રિનોવેશનની પણ દરખાસ્ત પર પણ ચર્ચા થશે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં ભેળવવામાં આવેલા પંચાયત હસ્તકના રસ્તાઓની સોંપણી મનપાના તંત્રને પણ કરવા અંગેનો નિર્ણય લેવાશે.

ભાજપના સૂત્રો આ બેઠકને રૂટીન બેઠક તરીકે ઓળખાવી રહ્યા છે. જો કે આ બેઠકમાં વિપક્ષ સત્તાધારી પક્ષને ઘેરવાની એક અલગથી વ્યુહરચના તૈયાર કરી રહ્યાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતની બેઠક આમ તો ૩ માસે યોજવાની હોય છે પરંતુ આ સમય મર્યાદા પછી આ બેઠક મળી રહી છે જો કે સમય-મર્યાદા બહાર બોલાવવાની સત્તા પ્રમુખને હોવાનું જાણવા મળેલ છે. પહેલાં ખાસ સામાન્ય સભા યોજવાના મૂડમાં ભાજપ હતુ પરંતુ તેમના જ સભ્યોના આગ્રહને કારણે નિયત સમય કરતાં થોડાક વિલંબથી આ સામાન્ય સભા યોજાઈ રહી છે.

આ બેઠકમાં પ્રમુખસ્થાનેથી પણ કેટલાક મહત્વના મુદ્દાઓ રજુ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

### વોલ ધરાશાયી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાળવણીના નામે મીંડુ ચિતરાયેલુ છે. ગુડા દ્વારા આવાસોની નિભાવણીનુ કામ કરવામાં નિષ્ફળ એજન્સીને અગાઉ નોટીસ આપી સંતોષ માની લેવામાં આવ્યો છે. પરંતુ સ્થાનિકોને રોજબરોજ પડતી મુશ્કેલીઓનો અંત આવતો નથી ગુડા વિસ્તારની રાયસણ સ્થિત આવાસ યોજનામાં લીફટ પણ લાંબા સમયથી બંધ હાલતમાં છે. જયારે સફાઈ કામગીરી સદંતર બંધ થઈ જતા આ વિસ્તારમાં કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. આવાસ યોજનામાં વરસાદી દિવસોમાં દિવાલોમાં ભેજ ઉતરી રહ્યો છે. આમછતા જાળળણીના કામ હાથ ધરવામાં આવતા નથી. ગુડાના રહીશો તંત્રને રજુઆત કરીને થાકી ગયા છે. પરંતુ ભાડુઆતો રહેતા હોવાના બ્હાના હેઠળ ગુડા દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી ગુડાના આવાસોની જાળવણી માટે લાભાર્થીઓએ અગાઉ પૈસા ચુકવી દીધા બાદ વર્ષોથી આવાસની દરકાર લેવામાં આવતી ન હોવાનો રોષ પણ રહીશો ઠાલવી રહ્યા છે.

### અંતરંગ ચર્ચાઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ ત્રણેક દિવસ પહેલાં ગૃહમંત્રી અમીત શાહ એકાએક અમદાવાદ રાત્રે આવ્યા હતા અને સવારે પરત ફર્યા હતા ત્યારે લગભગ નિર્ણય લેવાઈ ચુક્યો હતો.

આજે રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી સરદારધામના કાર્યક્રમમાં હતા ત્યારે સામાન્ય વહીવટ વિભાગના અધિકારીઓ ત્યાં પહોંચ્યા હતા અને ખાનગી ચર્ચાઓ તેમની સાથે કરી હોવાનું મનાઈ રહ્યુ છે. રૂપાણીના રાજીનામાને લઈ પાટનગરમાં રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે.હવે ગુજરાતમાં કોણ ? તેને લઈ પણ ચર્ચાઓ શરૂ થઈ છે. રાજકીય વર્તુળોમાં એક એવી પણ ચર્ચા સાંભળવા મળી હતી કે ૩ મહિનાના ટુંકા ગાળામાં ભાજપે ૩ મુખ્યમંત્રીઓ બદલ્યા...!

### રાજીનામું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય સરકારના મંત્રીઓ આજે અચાનક રાજ્યપાલના બંગલે પહોંચ્યા હતા. આ સમાચાર વહેતા થતાં જ રાજ્યના રાજકારણમાં નવાજૂની થઈ રહી છે તેવા સમાચાર વહેતા થયા હતા. ઉલ્લેખનીય છે કે, ૦૯ સપ્ટેમ્બરના રોજ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતની મુલાકાત લીધી હતી. રાજ્યમાં ૨૦૧૬માં આનંદીબેન પટેલ સીએમ હતા ત્યારે થયેલા ઉનાકાંડ તેમજ પાટીદાર આંદોલનને કારણે તેમની ખુરશી ખતરામાં આવી ગઈ હતી. તે સમયે ડેમેજ કંટ્રોલના ભાગરુપે ભાજપે આનંદીબેનને માત્ર સવા બે વર્ષના શાસન બાદ સીએમ પદેથી હટાવ્યા હતા. તે વખતે નીતિન પટેલ સીએમ બનશે તેવી જોરદાર અટકળો હતી, પરંતુ છેલ્લી ઘડીએ વિજય રુપાણીનું નામ જાહેર કરવામાં આવતા ઘણા લોકોને નવાઈ લાગી હતી. ત્યારબાદ ૨૦૧૭ની ચૂંટણી રુપાણીના નેતૃત્વમાં જ લડાઈ હતી. જોકે, પાંચ વર્ષના શાસનકાળ દરમિયાન રુપાણી ખુરશી છોડે છે તેવા સમાચાર અનેકવાર વહેતા થયા હતા.

### મોટું દેવું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવક ખેતીના ઉત્પાદનમાંથી, ૧૫૮૨ રૂપિયાની આવક પશુપાલનમાંથી, ૬૪૧ રૂપિયા બીન ખેતીના વ્યવસાયમાંથી થઈ હતી.

એક અંદાજ પ્રમાણે દેશમાં ખેતી પર નભતા પરિવારોની સંખ્યા ૯.૩ કરોડ છે.જેમાં ઓબીસી પરિવારોની ટકાવારી ૪૫.૮ ટકા, અનુસૂચિત જાતિની સંખ્યા ૧૫.૯ ટકા, અનુસૂચિત જનજાતિની સંખ્યા ૧૪.૨ ટકા અને બીજા પરિવારોની સંખ્યા ૨૪.૧ ટકા છે.